# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


---

**ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./14/2026** **તા. 15/01/2026**

**વિષય :- 26 જાન્યુઆરી, 2026 પ્રજાસતાક દિનની ઉજવણી કાર્યક્રમમાં માર્ગ સલામતી વિષયક કાર્યક્રમ કરવા બાબત**

**સંદર્ભ :- (1.) ગુજરાત રોડ સેફટી ઓથોરીટીની કચેરીના તા. 12/01/2026 ના પત્ર ક્રમાંક GRSA/0093/RSW362/20**

**પરિપત્ર:-**

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જૂનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ને જણાવવામાં આવે છે કે, ભારત સરકારના MINISTRY OF ROAD TRANSPORT & HIGHWAYની સુચના મુજબ સમગ્ર દેશમાં માર્ગ સલામતી માસ જાન્યુઆરી-2026 અંતર્ગત સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી વિષયક જાગૃતિ કાર્યક્રમો શિક્ષણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ, ગૃહ વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે.

માર્ગ સલામતી માસ જાન્યુઆરી-2026 દરમ્યાન કરવાનાં કાર્યક્રમોનું એક સૂચિત કેલેન્ડર પણ **ગુજરાત રોડ સેફટી ઓથોરીટી** દ્વારા મોકલવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે અનુસાર કોલેજો ખાતે પણ માર્ગ સલામતી લગત જાગૃતિ રેલી, NSS સ્વયંસેવકો દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ, ચિત્ર સ્પર્ધા, ડ્રામા કોમ્પીટીશન (SKIT) જેવા કાર્યક્રમો હાલમાં થઈ રહ્યા છે. જેમાં કોલેજના વિધાર્થીઓ સક્રિયતા દાખવી રસપૂર્વક આ કાર્યક્રમમાં જોડાય છે.

26મી જાન્યુઆરી, 2026 સમગ્ર રાષ્ટ્ર પ્રજાસતાક દિવસની ઉજવણીમાં જોડાશે ત્યારે કોલેજના વિધાર્થીઓ દ્વારા પણ કોલેજ ખાતે પ્રજાસતાક દિવસની ઉજવણી સમયે માર્ગ સલામતી લગત ટૂંકી નાટ્ય સ્પર્ધા, (SKIT) ગરબા સ્પર્ધા તથા માર્ગ સલામતી લગત સામૂહિક સંકલ્પ વાંચન પણ કરી શકાય. ઉપરોક્ત વિષય અન્વયે 26મી જાન્યુઆરી, 2026 પ્રજાસતાક દિવસે દરેક કોલેજના વિધાર્થીઓ **માર્ગ સલામતી કાર્યક્રમમાં જોડાય** અને દેશનું કિંમતી યુવાધન માર્ગ અક્સ્માતોથી ઊભી થતી ગંભીરતા સામે સાવધાન બને તે સારું જણાવવામાં આવે છે. આ કાર્યક્રમ અંગેના ફોટોગ્રાફ સહિતનો અહેવાલ અત્રેની યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગને nss@bknmu.edu.in પર ઈ-મેલ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે,

**(નોધ: માન. કુલસચિવશ્રી દ્વારા મળેલ મંજુરી અન્વયે)**

પ્રો. કો- ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ.વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

<u>બિડાણ :</u>

- સંદર્ભ પત્રની નકલ

**નકલ રવાના જાણ અર્થે : -**

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી,ગાંધીનગર તરફ.....
- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ તરફ...
- માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી તરફ...
  આઈ.ટી. સેલ, બીકેએનએમયુ (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,
સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭
**E-mail Id :** cot-trans-rsa@gujarat.gov.in, **Phone :** 079 23258148


NO. GRSA/0093/RSW/362/20
Dt. 12/01/2026

પ્રતિ,

કુલપતિશ્રી,

તમામ યુનિવર્સિટી.

વિષય: ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ પ્રજાસત્તાક દિનની ઉજવણી કાર્યક્રમમાં માર્ગ સલામતી વિષયક કાર્યક્રમ કરવા બાબત

શ્રીમાન,

જય ભારત સહ જણાવવાનું કે, ભારત સરકારના Ministry of Road Transport & Highwayની સૂચના મુજબ સમગ્ર દેશમાં માર્ગ સલામતી માસ જાન્યુઆરી-૨૦૨૬ અંતર્ગત સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી વિષયક જાગૃતિ કાર્યક્રમો શિક્ષણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ, ગૃહ વિભાગ,શહેરી વિકાસ વિભાગ તથા આરોગ્ય વિભાગ દ્વારા હાલમાં કરવામાં આવી રહ્યા છે.

માર્ગ સલામતી માસ જાન્યુઆરી-૨૦૨૬ દરમ્યાન કરવાનાં કાર્યક્રમોનું એક સૂચિત કેલેન્ડર પણ તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ તથા સંલગ્ન વિભાગોના વડાઓને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા સરક્યુલેટ કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

જે અનુસાર કોલેજ તથા યુનિવર્સિટી ખાતે પણ માર્ગ સલામતી લગત જાગૃતિ રેલી, NSS-NCC વિદ્યાર્થીઓ દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ, ચિત્ર સ્પર્ધા, ડ્રામા કોમ્પીટેશન (SKIT) જેવા કાર્યક્રમો હાલમાં થઈ રહ્યા છે. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ સક્રિયતા દાખવી રસપૂર્વક આ કાર્યક્રમમાં જોડાય છે.

૨૬મી જાન્યુઆરીએ સમગ્ર રાષ્ટ્ર પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં જોડાશે, ત્યારે કોલેજ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા પણ કોલેજ/યુનિવર્સિટી ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી સમયે માર્ગ સલામતી લગત ટૂંકી નાટ્ય સ્પર્ધા (Skit), ગરબા સ્પર્ધા તથા માર્ગ સલામતી લગત સામૂહિક સંકલ્પ વાંચન પણ કરી શકાય.

જે અનુસાર ૨૬મી જાન્યુયારીના પ્રજાસત્તાક દિવસે દરેક કોલેજ/યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉમંગભેર માર્ગ સલામતી લગત કાર્યક્રમમાં જોડાય અને દેશનું કિંમતી યુવાધન માર્ગ અકસ્માતોથી ઊભી થતી ગંભીરતા સામે સાવધાન બને તે સારું તાબા હેઠળની તમામ કોલેજોમાં જરૂરી સુચના આપવા વિનંતી છે.

કમિશનર
ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

# <u>રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી</u>

**થીમ: “શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરીવર્તન”**

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ, ૨૦૨૬ દરમ્યાન કરવાના થતા કાર્યક્રમોની સૂચિત યાદી:

| | |
|---|---|
| **તા.૦૧/૦૧/૨૦૨૬<br>થી<br>તા.૦૭/૦૧/૨૦૨૬** | **<u>(૧) એજ્યુકેશન/જન જાગૃતિ:</u>**<br>**(માર્ગ સલામતી સંલગ્ન તમામ વિભાગ/કચેરી)**<br>• **<u>રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ ખુલ્લો મૂકવા સબંધી જિલ્લા કક્ષાનો કાર્યક્રમ</u>**<br>કલેક્ટરશ્રી, પોલીસ કમિશનરશ્રી, જિલ્લા પોલીસ અધિકારીની ઉપસ્થિતિમાં તમામ વિભાગોના અધિકારીઓ, વ્યક્તિઓ, NGO, NYK, NCC, NSS, કોર્પોરેટ સેક્ટર્સ, બસ, ટ્રક, ટેક્ષી એસોસીએશન પેટ્રોલ પંપ, ડ્રાઇવીંગ સ્કુલ, ઓટો રીક્ષા, વાહન ડિલરોની હાજરી સાથે.<br>• રોડ સેફટી કમિટીની સપ્તાહ દરમિયાન રોડ સેફટી બેઠક કરી, વિસ્તાર/જીલ્લાના અકસ્માત પેટર્ન અને જરૂરીયાત પ્રમાણે રોડ સેફટી એક્શન પ્લાન-૨૦૨૫-૨૬ અધ્યક્ષશ્રી મારફતે આ અઠવાડિયામાં જાહેર કરવો.<br>• કેન્દ્ર પુરસ્કૃત "Scheme for grant of award to the Good Samaritan" રાહવીર યોજનાની સમજ તેમજ બહોળો પ્રચાર-પ્રસાર<br><br>**<u>કેમ્પેઇન</u>**<br>• **માર્ગ સલામતી રેલીનું આયોજન અથવા રોડ સેફટી મેરેથોન/વોકાથોનનું આયોજન**<br>• **“Give Animals a Brake”** બાબતે વિવિધ માધ્યમથી પ્રચાર-પ્રસાર<br>• નવા મોટર વ્હીકલ્સ એક્ટ, ૨૦૧૯ના કાયદા વિષેની સમજ/જનજાગૃતિ<br>• મોટર વાહન (ડ્રાઈવિંગ) વિનિયમો, ૨૦૧૭ અંગેની સમજ<br>• એફ.એમ., આકાશવાણી, દૂરદર્શન, યુ-ટ્યુબ જેવા વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમથી રોડ સેફટી વિષયક |

| | |
|---|---|
| | જનજાગૃતિ/પ્રસારણ<br>• જિલ્લાઓમાં હોર્ડીંગ્સના માધ્યમથી રોડ સેફટી વિષયક જનજાગૃતિ/પ્રસારણ<br>• જિલ્લાઓમાં માર્ગ સલામતી એક્સપર્ટ્સ, લોકપ્રિયતા ધરાવતા તેમજ લોક ચાહના ધરાવતા લોકોના માધ્યમથી રોડ સેફટી વિષયક જનજાગૃતિ/પ્રસારણ<br>• માર્ગ સલામતી વિષયક બાબતો વિષેની સમજ કેળવાય તે માટે શેરી નાટકોનું આયોજન<br>• ગ્રામ્ય કક્ષાએ શાળાઓમાં/શેરીમાં રોડ સેફ્ટી મેળાઓનું આયોજન.<br><br>**(૨) એન્ફોર્સમેન્ટ: (આર.ટી.ઓ. અને પોલીસ)**<br>• મોટર વ્હીકલ્સ (અમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૧૯ની જોગવાઈ મુજબ એન્ફોર્સમેન્ટ<br>• સીટબેલ્ટ/હેલ્મેટ, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ બાબતે એન્ફોર્સમેન્ટ<br>• ઓવરસ્પીડીંગ, રોંગસાઈડ ડ્રાઈવીંગ, અનઅધિકૃત પાર્કિંગ બાબતે એન્ફોર્સમેન્ટ<br>• ઓવરલોડ અને ઓવર ડાયમેન્શન બાબતે ચેકીંગ<br>• રોન્ગ સાઈડ ડ્રાઈવીંગ અને લેન ડ્રાઈવીંગ બાબતે ચેકીંગ કરવું<br><br>**(3) એન્જીન્યરીંગ: (માર્ગ અને મકાન, GSRDC, NHAI, માર્ગ નિર્માણ એજન્સી)**<br>• જિલ્લા/શહેરમાં આવેલ વલ્નરેબલ સ્ટ્રેચ (જોખમી માર્ગ વિસ્તાર) પર માર્ગ સુધારણાના પગલાં લેવા<br><br>**(૪) ઈમરજન્સી કેર: (આરોગ્ય વિભાગ અને ૧૦૮)**<br>• જિલ્લા/શહેરમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન<br>• આરોગ્ય વિભાગ તથા ૧૦૮ એમ્બ્યુલન્સના માધ્યમથી પ્રાથમિક સારવાર/CPRની તાલીમનું આયોજન |

| | |
|---|---|
| તા.૦૮/૦૧/૨૦૨૬<br>થી<br>તા.૧૪/૦૧/૨૦૨૬ | **(૧) એજ્યુકેશન/જન જાગૃતિ:**<br>**(માર્ગ સલામતી સંલગ્ન તમામ વિભાગ/કચેરી)**<br>• સીટ બેલ્ટ તથા હેલ્મેટ બાબતે જાગૃતતા કેમ્પેઇન<br>• PUC, વીમો અને રીફ્લેક્ટીવ ટેપની જાગૃતિ બાબતે કેમ્પેન<br>• રોંન્ગ સાઇડ ડ્રાઇવીંગ અને લેન ડ્રાઇવીંગ, મોબાઇલ બાબતે જન-જાગૃતિ કરવી<br>• The Compensation to victims of Hit and Run Motor Accidents Scheme-2022 અંગેની સમજ/જન જાગૃતિ<br><br>**કેમ્પેઇન**<br>• ઉતરાયણ દરમિયાન માર્ગ સલામતી વિષયક પતંગ તૈયાર કરવા<br>• રોડ સેફટી સંબંધિત શેરી નાટકો દ્વારા જનજાગૃતિ<br>• શાળા/કોલેજ કક્ષાએ માર્ગ સલામતી મેળા, સેમીનાર/તાલીમનું આયોજન<br>• જાહેર માર્ગ પર ટ્રાસ્પોર્ટ વાહનો ઉપર રેડિયમ/રેફલેકટર લગાવવા<br><br>**(૨) એન્ફોર્સમેન્ટ: (આર.ટી.ઓ. અને પોલીસ)**<br>• વાહનો પર અનઅધિકૃત રીતે લગાવેલ અતિ તીવ્રતાવાળી/વધારાની હેડ લાઈટ (White LED)નું એન્ફોર્સમેન્ટ<br>• માલવાહક વાહનોમાં RUPD અને SUPD બાબતે એન્ફોર્સમેન્ટ<br>• વાહનની નંબર પ્લેટ અને વાહન સંબંધિત જરૂરી દસ્તાવેજ અંગે એન્ફોર્સમેન્ટ<br>• વાહનને પાછળથી અથડાવાથી થતા માર્ગ અકસ્માત અટકાવવા બાબતે એન્ફોર્સમેન્ટ<br>**(3) એન્જીન્યરીંગ: (માર્ગ અને મકાન, GSRDC, NHAI, માર્ગ નિર્માણ એજન્સી)**<br>• જિલ્લા/શહેરના તમામ ચાર રસ્તા/જંકશન પર ટ્રાફિક કાર્મિંગ મેઝર્સ લેવા અને જરૂરી સાઈનેજીસ તેમજ માર્કીંગ લગાવવા<br>• જિલ્લા/શહેરમાં આવેલ બ્રિજ,પર્વતીય વિસ્તાર, વોટર બોડીઝ પર ક્રેશ બેરીયર્સ લગાવવા |

| | |
|---|---|
| | • ભયજનક વળાંકવાળા રસ્તા પર સેવરોન માર્કીંગ લગાવવા, નવીનીકરણ કરવું<br><br>**<u>(૪) ઈમરજન્સી કેર: (આરોગ્ય વિભાગ અને ૧૦૮)</u>**<br>• જિલ્લા/શહેરમાં ભારે વાહન ચલાવતા ડ્રાઈવરો, GSRTCના ડ્રાઈવર/કંડકટરનું મેડીકલ કેમ્પ/આઈ ચેક અપનું આયોજન<br>• સરકારી હોસ્પિટલની બ્લડ બેંક/રેડ ક્રોસના સહયોગથી રક્તદાન શિબિર |
| **તા.૧૫/૦૧/૨૦૨૬<br>થી<br>તા.૨૧/૦૧/૨૦૨૬** | **<u>(૧) એજ્યુકેશન/જન જાગૃતિ:</u>**<br>**(માર્ગ સલામતી સંલગ્ન તમામ વિભાગ/કચેરી)**<br>• હેલ્મેટ,સીટબેલ્ટ વગેરે હોર્ડીંગ્સ/બેનર સાથે સમજ તેમજ નિયમોનું પાલન કરનારને ફુલ આપી સ્વાગત<br>• ભારે વાહન ચલાવતા ડ્રાઈવરો, બસ અને વાનના ડ્રાઈવરોની તાલીમ માટે માર્ગ સલામતી વિષયક તાલીમનું આયોજન<br>• જાહેર સમચારપત્રો તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી માર્ગ સલામતી વિષયક જાહેર ખબર<br>**<u>કેમ્પેઇન</u>**<br>• એફ.એમ., આકાશવાણી, દૂરદર્શન, યુ-ટ્યુબ જેવા વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમથી રોડ સેફટી વિષયક જનજાગૃતિ/પ્રસારણ<br>• માર્ગ સલામતી વિષયક સાહિત્ય, પેમ્ફલેટ, હેલ્મેટ વગેરેનું વિતરણ<br>• માર્ગ સલામતી વિષયક બાબતો વિષેની સમજ કેળવાય તે માટે શેરી નાટકોનું આયોજન<br><br>**<u>(૨) એન્ફોર્સમેન્ટ: (આર.ટી.ઓ. અને પોલીસ)</u>**<br>• Leaving Vehicle in dangerous position (M.V. ACT-section-122 & CMVR-rules-138(C)] અંતર્ગત એન્ફોર્સમેન્ટ<br>• માર્ગ સલામતી જોખમાય નહિ તે માટે જરૂરી એન્ફોર્સમેન્ટ<br>• ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન બદલ એન્ફોર્સમેન્ટ<br>• ડ્રાઈવીંગ લાયસન્સ, વાહન ફિટનેશ, રિયર વ્યુ મીટર, મોબાઈલ |

| | |
|---|---|
| | ઉપયોગ તથા વાહનના દસ્તાવેજ બાબતે ચેકીંગ<br>• ઓવરલોડ અને ઓવર ડાયમેન્શન બાબતે ચેકીંગ<br><br>**(3) એન્જીન્યરીંગ: (માર્ગ અને મકાન, GSRDC, NHAI, માર્ગ નિર્માણ એજન્સી)**<br>• ભયજનક વળાંકવાળા રસ્તા પર સેવરોન માર્કીંગ લગાવવા, નવીનીકરણ કરવું<br>• તમામ રસ્તા પર ફેડેડ રોડ માર્કિંગ રિપેઈન્ટ કરાવવા<br>• રાહદારીઓ/પદયાત્રીઓની સલામતી માટેની યોગ્ય આયોજન કરવું<br><br>**(૪) ઈમરજન્સી કેર: (આરોગ્ય વિભાગ અને ૧૦૮)**<br>• RTOમાં આવતા અરજદારોનું આઈ ચેક અપ તેમજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન<br>• જિલ્લા/શહેરમાં ભારે વાહન ચલાવતા ડ્રાઈવરો, GSRTCના ડ્રાઈવર/કંડકટરનું મેડીકલ કેમ્પ/આઈ ચેક અપનું આયોજન |
| **તા.૨૨/૦૧/૨૦૨૬ થી તા.૩૧/૦૧/૨૦૨૬** | **(૧) એજ્યુકેશન/જન જાગૃતિ:**<br>**(માર્ગ સલામતી સંલગ્ન તમામ વિભાગ/કચેરી)**<br>• શાળા/કોલેજમાં માર્ગ સલામતી બાબતે સેમિનારનું આયોજન<br>• શાળાઓમાં વાલીઓને હાજર રાખી ટ્રાફિકના નિયમો, અંડર એજ ડ્રાઇવીંગની ગંભીરતા બાબતે સમજ<br>• સ્કુલ વર્ધી/વાન/બસ અને બાળકોની સલામતી બાબતના નિયમોની સમજ.<br>• વિદ્યાર્થી પ્રવાસ દરમિયાન રાખવાની થતી સાવચેતીઓ બાબતે સમજ<br>• એસ.ટી ડ્રાઈવરોને માર્ગ સલામતી બાબતે સેમિનાર/તાલીમનું આયોજન કરવું.<br>• મોટર વાહન અધિનીયમ હેઠળ કાચા/પાકા ડ્રાઇવીંગ લાયસન્સના નિયમોની સમજ બાબતે જાહેર જનતા સાથે સેમિનાર. |

| | |
|---|---|
| | **કેમ્પેઇન**<br>• પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત રોડ સેફ્ટીની થીમ પર કાર્યક્રમ<br>• **૨૬ જાન્યુઆરી-૨૦૨૬ ના કાર્યક્રમ દરમિયાન માર્ગ સલામતી વિષયક ટેબ્લો તૈયાર કરવો.**<br>• શાળાઓમાં રોડ સેફ્ટી મેળાઓનું આયોજન<br>• શાળા કોલેજોમાં માર્ગ સલામતી બાબતે ચિત્ર, નિબંધ, વકૃત્વ સ્પર્ધા અને ક્વિઝનું આયોજન<br>• શાળા કોલેજોમાં માર્ગ સલામતી બાબતે નાટક/એક પાત્રીય અભિનયનું આયોજન<br>• સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા વાહન ચલાવવા બાબતના કાયદાની સમજ<br>• સ્કુલ બસ અને સ્કુલ વાનના ડ્રાઇવરોને નિષ્ણાત દ્વારા તાલીમ.<br><br>**(૨) એન્ફોર્સમેન્ટ: (આર.ટી.ઓ. અને પોલીસ)**<br>• સ્કુલ બસ/વાન બાબતે એન્ફોર્સમેન્ટ<br>• સગીર વયના વિધાર્થીઓ દ્વારા વાહન ચલાવવા બાબતે એન્ફોર્સમેન્ટ<br>• સ્પીડ ગવર્નર ડીવાઈસની નિયત ગતિ મર્યાદા બાબતે ચેકિંગ કરવું.<br>• વાહનને પાછળથી અથડાવાથી થતા માર્ગ અકસ્માત અટકાવવા બાબતે એન્ફોર્સમેન્ટ<br>• હેલ્મેટ, સીટ બેલ્ટ અને ચાલુ વાહને મોબાઈલનાં ઉપયોગ બાબતે ચેકિંગ કરવું.<br><br>**(3) એન્જીન્યરીંગ: (માર્ગ અને મકાન, GSRDC, NHAI, માર્ગ નિર્માણ એજન્સી)**<br>• સ્કૂલ ઝોનમાં IRC ગાઈડલાઈન મુજબના ટ્રાફિક કાર્મિંગ મેઝર્સ લેવા અને જરૂરી સાઈનેજીસ લગાવવા<br>• તમામ રસ્તા પર ફેડેડ રોડ માર્કિંગ રિપેઈન્ટ કરાવવા<br>• રાહદારીઓ/પદયાત્રીઓની સલામતી માટેની યોગ્ય આયોજન કરવું |

| | |
|---|---|
| | • જિલ્લામાં આવેલ ભયજનક ઓવરબ્રિજનું સ્ટ્રક્ચર ઓડિટ અને સમારકામ<br>**<u>(૪) ઈમરજન્સી કેર: (આરોગ્ય વિભાગ અને ૧૦૮)</u>**<br>• જાહેર માર્ગ ઉપર ડ્રાઈવરોનું મેડીકલ કેમ્પ/આઈ ચેક અપનું આયોજન<br>• First Respondent Training ની સમજ આપવી.<br>• શાળા/કોલેજ કક્ષાએ પ્રાથમિક સારવાર/CPRની તાલીમનું આયોજન |

# હું મારી સલામતી માટે સંકલ્પ કરું છું કે,





- હું હંમેશાં ટ્રાફિક નિયમોનું પાલન કરીશ.
- હું હંમેશાં **ઝિબ્રા ક્રોસિંગ** પરથી જ રસ્તો પાર કરીશ.
- બાઈક કે સ્કૂટર પર બેસીશ ત્યારે **હેલ્મેટ જરૂરથી પહેરીશ.**
- ડ્રાઈવિંગ લાઇસન્સ વગર ક્યારેય વાહન ચલાવીશ નહીં.
- રસ્તા પર ચાલતી વખતે **ન તો મોબાઇલ વાપરીશ, ન હેડફોન લગાવીશ.**
- હું સ્કૂલ બસમાં ચઢતી અને બસમાંથી ઉતરતી વખતે **શાંતિ અને શિસ્તથી લાઇનમાં** રહીશ, ધક્કામુક્કી નહીં કરું.
- હું રસ્તો ક્રોસ કરતા પહેલાં **જમણી, ડાબી અને ફરી જમણી બાજુ** જોઈને જ પસાર થઈશ.
- હું મારા મમ્મી-પપ્પાને પણ **હેલ્મેટ અને સીટબેલ્ટ** પહેરવા આગ્રહ કરીશ.



ગુજરાત માર્ગ સલામતી સતામંડળ

પ્રત્યેક માર્ગ, સુરક્ષિત માર્ગ

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી

GRSAofficial